પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૭૦ | ૧૨ ડિસેમ્બર, ૨૦૨૧, રવિવાર; માગશર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત દુઃખમાં છે, પરંતુ દરેક પડકારનો સામનો કરશે

## પીએમ મોદીએ સરયૂ કેનાલ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું : ૯૮૦૦ કરોડના ખર્ચની આ યોજનાથી ૯ જિલ્લાના ૨૯ લાખ ખેડૂતોને લાભ થવાની આશા

નવી દિલ્હી, તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે યુપીના બલરામપુરની મુલાકાતે છે. અહીં પીએમ મોદીએ સરયૂ કેનાલ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું. ૯૮૦૦ કરોડના ખર્ચની આ યોજનાથી ૯ જિલ્લાના ૨૯ લાખ ખેડૂતોને લાભ થવાની આશા છે. બલરામપુરની રેલીમાં મોદીએ કહ્યું કે બલરામપુર ક્રાંતિકારીઓની ભૂમિ છે. જ્યારે પણ અયોધ્યામાં ભગવાન શ્રી રામના મંદિરના નિર્માણની વાત થશે ત્યારે બલરામપુરના રાજા પટેશ્વરી પ્રસાદની વાત ચોક્કસ થશે. બલરામપુરે ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને પણગઢ્યા છે. ઝહ્વજી બિપિન રાવતને સલામ. એક સૈનિક જ્યાં સુધી સેનામાં રહે છે ત્યાં સુધી તે સૈનિક નથી હોતો. દેશના સન્માન અને ગૌરવ માટે તે હંમેશા તત્પર રહે છે. ન તો શસ્ત્રો





તેને તોડી શકે છે અને ન તો આગ તેને બાળી શકે છે. જનરલ બિપિન રાવત જ્યાં પણ હશે ત્યાં તેઓ ભારતને આગળ વધતું જોશે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત રોકાશે નહીં અને અટકશે નહીં. સાથે મળીને વધુ મહેનત કરીશું. દરેક પડકારનો સામનો કરશે. ભારતને વધુ સમૃદ્ધ બનાવશે. વડાપ્રધાનની સરયુ કેનાલ નેશનલ પ્રોજેકટની પૂર્ણાહુતિ એ વાતનું ઉદાહરણ છે કે જ્યારે વિચાર પ્રામાણિક હોય ત્યારે કામ પૂર્ણ થાય છે. પાણીની અછત દેશના વિકાસમાં ક્યારેય અડચણ ન બનવી જોઈએ. આ કેનાલ પ્રોજેકટથી યુપીના ૯ જિલ્લાઓને ફાયદો થશે. ૨ હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોને તેનો લાભ મળશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે જ્યારે આ પ્રોજેક્ટનું કામ ૫૦ વર્ષ પહેલા શરૂ થયું ત્યારે તેની કિંમત ૧૦૦ કરોડ રૂપિયાથી ઓછી હતી અને આજે લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા બાદ આ પ્રોજેક્ટ પૂર્ણ થયો છે. જે કામ પહેલા ૧૦૦ કરોડમાં થવાનું હતું તે ૧૦ હજાર કરોડમાં થયું. તમારી

● અનુસંધાન પાના - ૭ પર

# ખેડૂતોની પહેલી ટૂકડીને ટિકૈતે લીલીઝંડી બતાવી રવાના કરી

## કેન્દ્ર સરકારે તમામ માગ સ્વિકારતા આંદોલન સમેટાયું : ટિકૈત હજી બીજા ચાર દિવસ બોર્ડર પર રહેશે અને પંદર ડિસેમ્બરે ગાઝીપુર બોર્ડર છોડીને મુઝ્ઝફરનગર જશે

નવી દિલ્હી, તા.૧૧

ખેડૂત આંદોલન ખતમ થયા બાદ આજથી ખેડૂતોની દિલ્હી બોર્ડર પરથી ઘરવાપસી શરુ થઈ ગઈ છે. પહેલી ટુકડીને ખેડૂત આગેવાન રાકેશ ટિકૈતે લીલી ઝંડી બતાવીને રવાના કર્યા હતા.ખેડૂતોની ટુકડીઓ ટ્રેક્ટરોમાં રવાના થઈ રહી છે અને ટિકૈત હજી જોકે બોર્ડર પર જ છે. ટિકૈતને જ્યારે પૂછવામાં આવ્યુ ત્યારે તેમણે કહ્યુ હતુ કે, હજી બીજા ચાર દિવસ હું બોર્ડર પર રહેવાનો છું અને પંદર ડિસેમ્બરે ગાઝીપુર બોર્ડર છોડીને મુઝ્ઝફરનગર જવા રવાના થઈશ. ખેડૂતોનુ પહેલી ટુકડી સવારે સાડા આઠ વાગ્યે રવાના થઈ હતી અને તે પછી હવે એક પછી એક ટ્રેક્ટરમાં પોતાનો સામાન ભરીને ખેડૂતો બોર્ડર છોડતા નજરે પડી રહ્યા છે.



ઉલ્લેખનીય છે કે, સરકારે કૃષિ કાયદા પાછા ખેંચ્યા બાદ પણ એમએસપીને લઈને ખેડૂતોએ આંદોલન ચાલુ રાખ્યુ હતુ .જોકે સરકારે લેખિતમાં ખેડૂતોની એમએસપી સહિતની પાંચ માંગણીઓ માની લીધી હોવાથી ખેડૂતોએ આંદોલન ખતમ કરવાની જાહેરાત કરી હતી.

સરકારે ખેડૂતોને પત્ર લખીને તેમાં કહ્યુ છે કે, એમએસપી પર સરકારે કમિટી બનાવવાનુ નક્કી કર્યુ છે અને તેમાં ખેડૂત આગેવાનો પણ સામેલ હશે.

ખેડૂતો પરના કેસો પાછા ખેંચવા માટે દરેક રાજ્ય સરકારે સંમતિ આપી હોવાનુ પત્રમાં સરકારે કહ્યુ છે અને સાથે સાથે ભારત સરકાર સાથે જોડાયેલી એજન્સીઓ અને દિલ્હી પોલીસ પણ ખેડૂતો સામેના કેસ પાછા ખેંચશે.સબંધિત રાજ્ય સરકારોએ મૃત્યુ પામેલા ખેડૂતોને વળતર આપવા

● અનુસંધાન પાના - ૭ પર

# દેશની સૌથી મોટી સિરિંજ કંપનીએ પ્લાન્ટ બંધ કર્યો

નવી દિલ્હી , તા.૧૧

દેશમાં કોરોનાનો નવો વેરિઅન્ટ ઓમિક્રોન ઝડપથી ફેલાઈ રહ્યો છે, પરંતુ આ મહામારી સામેની લડાઈમાં એક મોટી સમસ્યા ઊભી થઈ શકે છે. દેશની સૌથી મોટી સિરિંજ નિર્માતા કંપની હિન્દુસ્તાન સિરિંજ એન્ડ મેડિકલ ડિવાઈસીસ (એચએમડી)એ તેના પ્લાન્ટ બંધ કરી દીધા છે. કંપનીએ હરિયાણા પોલ્યુશન કંટ્રોલ બોર્ડના નિર્દેશ પર આમ કર્યું છે. આનાથી દેશમાં સિરિંજ અને સોયની તીવ્ર અછત સર્જાઈ શકે છે. દેશમાં લોકોને કોરોનાથી બચાવવા માટે તેમને રસી આપવામાં આવી રહી છે. જે રસિકરણના કાર્યક્રમને આની અસર પહોંચી શકે છે.

એચએમડી દેશની કુલ સિરિંજ માંગના બે તૃતીયાંશ ઉત્પાદન કરે છે. આવી સ્થિતિમાં કંપનીના પ્લાન્ટ બંધ થવાને કારણે દેશમાં સિરિંજની ભારે અછત સર્જાઈ શકે છે. કંપની દિલ્હીને અડીને આવેલા ફરીદાબાદમાં ૧૧ એકરનું સંકુલ ધરાવે છે, જેમાં ૪ ઉત્પાદન એકમોનો સમાવેશ થાય છે. તેમાંથી કંપનીએ ૩ યુનિટ બંધ કર્યા છે. જેમાં કંપનીના મુખ્ય પ્લાન્ટનો સમાવેશ થાય છે. કંપનીએ હરિયાણા પોલ્યુશન કંટ્રોલ બોર્ડના નિર્દેશ પર આ કર્યું છે.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર રાજીવ નાથે જણાવ્યું હતું કે શુક્રવારે બપોરે, અમે અમારા સંકુલમાં ઉત્પાદન બંધ કરવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે કંપની પાસે બે દિવસથી વધુનો બફર સ્ટોક નથી. અમે દરરોજ ૧૨ મિલિયન સિરિંજનું ઉત્પાદન કરીએ છીએ પરંતુ સોમવારથી તે ઉપલબ્ધ થશે નહીં. હાલમાં એક પ્લાન્ટમાં ૪૦ લાખ સિરિંજનું ઉત્પાદન થઈ રહ્યું છે પરંતુ સોમવારે તેને પણ બંધ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે દેશ અને દુનિયામાં પહેલેથી જ સિરિંજનો પુરવઠો ઓછો છે. હવે આ કટોકટી વધુ ઘેરી બની છે કારણ કે અમને સ્વૈચ્છિક ધોરણે અમારા એકમો બંધ કરવાનું કહેવામાં આવ્યું છે. આનાથી દરરોજ ૧૫૦ મિલિયન સોય અને ૮ મિલિયન સિરિંજના ઉત્પાદનને અસર થશે.

# દેશમાં વેક્સિન મૂકવાના દરમાં ૮.૫ ટકાનો ઘટાડો

## સરકાર પર ૧૮ વર્ષથી ઓછી વયના લોકો માટે વેક્સિન લોન્ચ કરવામાં વિલંબ માટે કોઈ નીતિ નહીં ઘડવાનો આરોપ

નવી દિલ્હી, તા.૧૧

કોરોનાના નવા અને ખતરનાક મનાતા વેરિએન્ટ ઓમિક્રોનની ભારતમાં એન્ટ્રી થયા બાદ હવે કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યુ છે. કોંગ્રેસના પ્રવકતા રણદીપ સૂરજેવાલાએ એક હિન્દી ન્યૂઝ આર્ટિકલ શેર કરીને કહ્યુ હતુ કે, ભારતમાં ઓમિક્રોનની એન્ટ્રી બાદ કોરોના વેક્સીન મુકવાના રેટમાં ૮.૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. તેમણે કેન્દ્ર સરકાર પર ૧૮ વર્ષથી ઓછી વયના લોકો માટે વેક્સીન માર્કેટમાં લોન્ચ કરવામાં વિલંબ તેમજ બૂસ્ટર ડોઝ માટે પણ કોઈ નીતિ નહીં ઘડવાનો આરોપ લગાવીને કહ્યુ હતુ કે, જે રેટથી અત્યારે વેક્સીન લગાવાઈ રહી છે તે જોતા ડિસેમ્બર સુધીમાં તમામને આ રસી નહીં મળે.મોદી સરકાર આ સંજોગોમાં કેવી રીતે કોરોનાથી કામ પાર પાડશે? સૂરજેવાલાએ કહ્યુ હતુ કે, બૂસ્ટર ડોઝ માટે પણ કોઈ નીતિ નથી, ઓમિક્રોનનુ જિનોમ સિક્વન્સિંગ થઈ રહ્યુ નથી.મારો દેશ જવાબ માંગી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ગઈકાલે લોકસભામાં કહ્યુ હતુ કે, ૮૬ ટકા લોકોને કોરોના વેક્સીન લગાવી ચુકાઈ છે અને તેના જવાબમાં હવે કોંગ્રેસ દ્વારા ઉપરોક્ત નિવેદન આપવામાં આવ્યુ છે.જોકે માંડવિયાએ કહ્યુ હતુ કે, દેશમાં ૩૬ લેબ છે અને તેમાં જિનોમ સિક્વન્સિંગ થઈ શકે તેમ છે.આ કામગીરી પણ ચાલી રહી છે.

# પિનાકના નવા વર્ઝનનુ પોખરણ રેન્જમાં સફળ પરિક્ષણ સંપન્ન

## ડીઆરડીઓએ આ રોકેટ લોન્ચર સિસ્ટમ માટે પૂણેની હાઈ એનર્જી મટિરિયલ રિસર્ચ લેબોરેટરીની પણ મદદ લીધી

નવી દિલ્હી, તા.૧૧

ભારતીય સેનાની સ્વદેશી મલ્ટી બેરલ રોકેટ લોન્ચર સિસ્ટમ પિનાક હવે વધારે ખતરનાક અવતાર ધારણ કરી ચુકયુ છે.

ચીન સાથે સરહદ પર ચાલી રહેલા તનાવ વચ્ચે ભારતની ડીઆરડીઓ સંસ્થાએ પિનાકના નવા વર્ઝનનુ પોખરણ રેન્જમાં શનિવારે સફળ પરિક્ષણ કર્યુ છે.એ પછી આ રોકેટ લોન્ચર સિસ્ટમ વધારે ઘાતક બની ગઈ છે.

ડીઆરડીઓએ આ માટે પૂણેની હાઈ એનર્જી મટિરિયલ રિસર્ચ લેબોરેટરીની પણ મદદ લીધી છે.પિનાકનુ નવુ વર્ઝન પિનાક-ઈઆર તરીકે ઓળખાશે.આ રોકેટ સિસ્ટમ



છેલ્લા એક દાયકાથી સેનામાં સામેલ છે.જોકે નવા વર્ઝનને નવી જરુરિયાતો પ્રમાણે ડિઝાઈન કરવામાં આવ્યુ છે.

પિનાક પહેલા ૪૪ સેકન્ડમાં ૧૨ રોકેટ લોન્ચ કરી શકતી સિસ્ટમ હતી અને તેની રેન્જ ૩૮ કિમીની હતી.અપગ્રેડ થયા બાદ હવે તે ૪૪ સેકન્ડમાં ૭૨ રોકેટ લોન્ચ કરી શકશે અને તેની રેન્જ પણ વદીને ૭૫ કિમીની થઈ ગઈ છે.

૧૯૯૯ના કારિગલ વોર દરમિયાન ભારતે પિનાકનો ઉપયોગ કર્યો હતો અને તેણે પહાડો પરની પાકિસ્તાની ચોકીઓને ધ્વસ્ત કરી હતી.

# ઓમિક્રોન સામે કોવિશિલ્ડ બ્રિટનમાં બિનઅસરકારક

## રાહતની વાત એ છે કે રસીનો ત્રીજો ડોઝ એટલે કે બૂસ્ટર ડોઝ નવા વેરિઅન્ટ સામે ૭૬ ટકા સુધી અસરકારક

લંડન, તા.૧૧

ભારતમાં પણ કોવિશિલ્ડનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે, જો અન્ય દેશોમાં તે ઓમિક્રોન સામે અસરકારક ન જણાય તો ભારત માટે ટેન્શન વધી શકે છે.યુકેમાં લાખો લોકો કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટથી અસુરક્ષિત અને સંક્રમણના જોખમ વચ્ચે શ્વાસ લઈ રહ્યા છે. મોટી સંખ્યામાં લોકો બૂસ્ટર ડોઝ મેળવવા માટે હરીફાઈ કરી રહ્યા છે, જ્યારે નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે એનએચએસ બુકિંગ સાઈટ પર ખલેલને કારણે ઘણા લોકો ક્રિસમસ સુધી રસી મેળવી શકશે નહીં. રસીની તપાસમાં ભારતમાં કોવિશિલ્ડ તરીકે ઓળખાતી એસ્ટ્રાઝેનેકા રસી સાથે ટેન્શન ઉભું થયું છે. જે થોડા મહિના પછી ઓમિક્રોન સામે બિનઅસરકારક હોવાનું જણાયું છે. જોકે, રાહતની વાત એ છે કે રસીનો ત્રીજો ડોઝ એટલે કે બૂસ્ટર ડોઝ નવા વેરિઅન્ટ સામે ૭૬ ટકા સુધી અસરકારક સાબિત થયો છે.

ઓમિક્રોન યુકેમાં ઝડપથી પગપેસારો કરી રહ્યો છે અને આગામી બે અઠવાડિયામાં તેનું ભયાનક રૂપ જોવા મળી શકે છે. યુકેની હેલ્થ પ્રોટેક્શન એજન્સીએ ચેતવણી જારી કરીને કહ્યું છે કે આ મહિનાના અંત સુધીમાં સંક્રમણના કેસ ૧ મિલિયન સુધી પહોંચી શકે છે. જો કે, રાહતની વાત એ છે કે, રસીના બૂસ્ટર ડોઝે ઓમિક્રોન સામે અસરકારકતા દર્શાવી છે, પરંતુ લાખો લોકો કે જેમણે હજુ સુધી ત્રીજો ડોઝ લીધો નથી તેમને ચેપનું જોખમ છે. સરકારી વૈજ્ઞાનિકોએ યુકેમાં ઓમિક્રોનના ૫૮૧ કેસોની સરખામણી ડેલ્ટામાં ૫૬,૦૦૦ કેસ સાથે કરી હતી જેથી એ અનુમાન લગાડી શકાય કે, નવો વેરિયન્ટની સામે વેક્સીન કેટલી સારી રીતે રક્ષણ આપે છે.

તેઓએ જોયું કે મોટા ભાગના વૃદ્ધ લોકો કે જેમને ઘણા મહિનાઓ અગાઉ એસ્ટ્રાઝેનેકાના બે ડોઝ આપવામાં આવ્યા હતા તેઓને ઓમિક્રોન સામે લગભગ કોઈ સુરક્ષા દેખાતી નથી. બે ફાઈઝર ડોઝ ૩૦ ટકાથી થોડું વધારે રક્ષણ દર્શાવે છે.

# મહાનગરમાં રેલી, કૂચ અને તમામ પ્રકારના સરઘસ પર પ્રતિબંધ

## દેશમાં કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનનો વધારો

મુંબઈ, તા.૧૧

દેશમાં કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનના દર્દીઓ ઝડપથી વધી રહ્યા છે. અત્યાર સુધીમાં ૩૨ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે, જેને ધ્યાનમાં રાખીને મુંબઈ પોલીસે ૧૧ અને ૧૨ ડિસેમ્બરે સીઆરપીસીની કલમ ૧૪૪ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ દરમિયાન મહાનગરમાં રેલી, કૂચ અને તમામ પ્રકારના સરઘસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એકલા મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૧૭ કેસની પુષ્ટિ થઈ છે.

મુંબઈ પોલીસે શુક્રવારે કમિશનરેટ વિસ્તારમાં સીઆરપીસીની કલમ ૧૪૪ લાગુ કરીને આગામી બે દિવસ માટે રેલીઓ અને પ્રદર્શનો પર પ્રતિબંધ મૂક્યો છે. એક અધિકારીએ જણાવ્યું કે ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઓપરેશન્સ) દ્વારા જારી કરવામાં આવેલ આદેશ શનિવાર અને રવિવારે ૪૮ કલાક માટે અમલમાં રહેશે.

તેમણે કહ્યું કે, 'કોવિડ-૧૯ના નવા ઓમિક્રોન વેરિયન્ટને કારણે માનવ જીવનને જોખમ હોવાથી અમરાવતી, માલેગાંવ અને નાંદેડમાં ચાલી રહેલી હિંસાની પૃષ્ઠભૂમિમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આ જારી કરવામાં આવ્યું છે.' તેમણે આદેશમાં જણાવ્યું કે, ઉલ્લંઘન કરનારાઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ અને અન્ય કાયદાકીય જોગવાઈઓ હેઠળ સજા કરવામાં આવશે.

બીજી તરફ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) અનુસાર, તબીબી દૃષ્ટિકોણથી ઓમિક્રોન હજુ સુધી હેલ્થ સિસ્ટમ પર બોઝ નથી બનાવી રહ્યું, પરંતુ તકેદારી જાળવવી પડશે.

આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે જણાવ્યું હતું કે, 'અત્યાર સુધી મુખ્યત્વે ઓમિક્રોનથી સંક્રમિત દર્દીઓમાં હળવા લક્ષણો જોવા મળ્યા છે.

ભાડે/વેચાણ આપવાની છે
ક્લાસીસ/ઓફીસ, શોરૂમ લાયક જગ્યા
૧૫૩૦ ચો. ફૂટ
પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
સંપર્ક 98240 65056

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

ટચુકડી જાહેર ખબર
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

મોલેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ
સી-૭-૮, જી.આઈ.ડી.સી. ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ,
સેક્ટર-૨૫, ગાંધીનગર - ૩૮૨૦૪૪
ફોન : ૦૭૯-૬૬૭૩૭૭૯૧/૯૨
મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના અંતર્ગત મોલેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ ગાંધીનગર દ્વારા
● ૧૦ ફીટર
● ૦૪ ઈલેક્ટ્રીશીયનની
જગ્યાઓ માટે એપ્રેન્ટીસશીપ એક્ટ-૧૯૬૧ હેઠળ રાખવાના થાય છે. આથી જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં ઉક્ત સરનામે કોરા કાગળ પર પોતાની અરજી કરી શકશો. અથવા ઈ-મેઈલ rahul.singh@molex.com પર પણ અરજી મોકલી શકશે.

